GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# સામાજિક પરિવર્તનમાં ડિજિટલ મીડિયાની ભૂમિકા

ડૉ. દિપીકા રેવજીભાઈ ચૌધરી
આસી. પ્રોફેસર
શ્રીમતી એસ. આઈ. પટેલ ઈપ્કોવાલા કૉલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદ
9925399585 dipuvisu79@gmail.com

**સારાંશ**

ડિજિટલ ટેકનોલોજીના માધ્યમથી માહિતી, મનોરંજન, શિક્ષણ, વ્યવસાય અને સરકારી સેવાઓ પહોંચાડવાનું મહત્વનું સાધન એટલે ડિજિટલ મીડિયા. આજના સમયમાં ઑનલાઈન ન્યૂઝ પોર્ટલ, ઈ–પેપર, સરકારી પોર્ટલ, OTT પ્લેટફોર્મ, યુટ્યુબ, ઓનલાઈન ગેમ્સ, ઇ–કોમર્સ અને ડિજિટલ પેમેન્ટ એપ્સ દ્વારા લોકો સુધી સેવા, જ્ઞાન અને મનોરંજન પહોંચે છે.

સમાજના વિચારો, મૂલ્યો અને વર્તનમાં પરિવર્તન લાવવા માટેનું એક શક્તિશાળી માધ્યમ ડિજિટલ મીડિયા બન્યું છે. તેને કારણે શિક્ષણ વ્યાપક અને સર્વગ્રાહી બન્યું છે. વર્ચ્યુઅલ કક્ષાઓ, ઑનલાઈન લર્નિંગ એપ્સ, શિક્ષણ પોર્ટલ અભ્યાસ કાર્યને વધુ સમૃદ્ધ બનાવે છે. આર્થિક ક્ષેત્રે ઇ–કોમર્સ, ડિજિટલ માર્કેટિંગ, યુટ્યુબ, ઈન્સ્ટાગ્રામ, ગીગ–ઈકોનોમી, ડિજિટલ પેમેન્ટ સિસ્ટમથી રોજગારીની નવી તકો ઊભી થઈ છે. મનોરંજન માટેના OTT પ્લેટફોર્મ્સ, યુટ્યુબ, મ્યુઝિક એપ્સ અને ઑનલાઈન ગેમ્સે લોકોને વૈશ્વિક સ્તરે જોડ્યા છે. માનવ જીવનને સંપૂર્ણપણે બદલનાર વિશિષ્ટ શોધોમાં 'ડિજિટલ મીડિયા' ને ગણાવી શકાય. તે ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવે છે, નાગરિકોના હકોની રક્ષા કરે છે. પરંતુ તેની નકારાત્મક અસરો પણ છે – જેમ કે ખોટા સમાચાર, ગોપનીયતાનો ભંગ, અસામાજિક પ્રવૃત્તિઓ અને પશ્ચિમી સંસ્કૃતિનું અંધાનુકરણ. ડિજિટલ મીડિયા એક દ્વિધારી તલવાર છે. જો તેનો જવાબદારીપૂર્વક અને સમજદારીથી ઉપયોગ કરવામાં આવે તો તે સમાજના પ્રગતિશીલ પરિવર્તનમાં શક્તિશાળી યોગદાન આપી શકે છે. અહીં પ્રસ્તુત લેખમાં કેટલાક મુદ્દાઓના સંદર્ભે ડિજિટલ મીડિયાની સામાજિક પરિવર્તનમાં ભૂમિકા નોંધવામાં આવી છે.

**ચાવીરૂપ શબ્દ : સામાજિક પરિવર્તન, ડિજિટલ મીડિયા**

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

- **પ્રસ્તાવના:**

ડિજિટલ ટેકનોલોજીના માધ્યમ દ્વારા પહોંચાડાયેલી તમામ પ્રકારની માહિતી એટલે ડિજિટલ મીડિયા. સોશિયલ મીડિયા એ ડિજિટલ મીડિયાનું એક ખાસ ઉપપ્રકાર છે, એક ભાગ છે, જ્યાં લોકો પરસ્પર જોડાઈ શકે છે. બધું સોશિયલ મીડિયા, ડિજિટલ મીડિયા છે પરંતુ બધું ડિજિટલ મીડિયા, સોશિયલ મીડિયા નથી. પ્રવર્તમાન સમયમાં શિક્ષણ, મનોરંજન, સમાચાર, જાહેરાત, વેપાર, સરકારી કામકાજ વગેરેમાં ડિજિટલ મીડિયાનો મોટાભાગે ઉપયોગ થાય છે. જેમાં ટેક્સ્ટ, ઑડિયો, વિડિયો, ઇ–બુક્સ, વેબસાઇટ્સ, ઑનલાઈન ન્યૂઝ પોર્ટલ, ઈ–મેઈલ્સ, બ્લૉગ્સ, Over The Top Platform (OTT), મોબાઈલ એપ્લિકેશન્સ વગેરેનો સમાવેશ થાય છે.

ઑનલાઈન ન્યૂઝ પોર્ટલ, ઈ–પેપર, સેવા અને માહિતી માટેના ભારત સરકારના પોર્ટલ અને ગુજરાત સરકારના પોર્ટલ સરકારી વેબસાઇટ્સ દ્વારા સમાજને માહિતી અને સમાચાર પહોંચાડવાનું કામ ડિજિટલ મીડિયા કરે છે. OTT પ્લેટફોર્મ્સ, યુટ્યુબ પર પ્રસારિત થતી ફિલ્મો અને વિડિયો, ઓનલાઈન ગેમ્સ દ્વારા લોકો વ્યક્તિગત કે સામૂહિક મનોરંજન તેમજ આનંદ મેળવે છે. વિવિધ ઑનલાઈન લર્નિંગ એપ્સ, યુટ્યુબ પરના શૈક્ષણિક ચેનલ્સ, ઑનલાઈન શિક્ષણના પોર્ટલ, વર્ચ્યુઅલ કક્ષાઓના ઉપયોગ દ્વારા વિદ્યાર્થી, સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓ કે વ્યાવસાયિકો ઘરે બેસીને શીખી શકે છે. ઇ–કોમર્સ પ્લેટફોર્મ, ઑનલાઈન જાહેરાતો, ડિજિટલ પેમેન્ટ એપ્સના ઉપયોગ દ્વારા લોકો વસ્તુઓ કે સેવાઓનું ખરીદી અને વેચાણ કરી શકે છે. ડિજિટલ મીડિયા માધ્યમથી લોકો વચ્ચે સંવાદ, જોડાણ અને વિચારોનું આદાનપ્રદાન શક્ય બન્યું છે. ડિજિટલ મીડિયા એ બહુવિધ ક્ષેત્રોમાં ઉપયોગી છે તેમજ માહિતી, મનોરંજન, શિક્ષણ, વેપાર અને સમાજને જોડવામાં તેનો મોટો ફાળો છે.

- **ડિજિટલ મીડિયા:**

ડિજિટલ મીડિયાને ગુજરાતીમાં “ડિજિટલ માધ્યમ” અથવા “અંકીય માધ્યમ” તરીકે ઓળખવામાં આવે છે. ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને પ્રસારિત કરવામાં આવતી માહિતીના માધ્યમને

ડિજિટલ માધ્યમ કહેવામાં આવે છે. તેનો હેતુ સમાજને માહિતી અને સમાચાર પહોંચાડવાનો, લોકોને મનોરંજન અને આનંદ આપવાનો, સૌ સુધી શિક્ષણ અને જ્ઞાન પહોંચાડવાનો, સૌને વસ્તુઓ કે સેવાઓનું પ્રચાર કરી વેચાણ કરવાનો, લોકો વચ્ચે સંવાદ, જોડાણ અને વિચારોનો આદાનપ્રદાન કરવાનો છે.

- **સામાજિક પરિવર્તનમાં ડિજિટલ મીડિયાની ભૂમિકા:**

આજના સુપર ટેક્નોલૉજી યુગમાં કોઈપણ ક્ષેત્રમાં ડિજિટલ મીડિયાની અવગણના થઈ શકે તેમ નથી. દેશનો જન–વર્ગ, સમાજ, સરકાર, સંસ્થા અને સમૂહ તેના ઉપયોગ વગર આગળ વધી શકે તેમ નથી. તેથી આજની અનિવાર્ય જરૂરિયાતોની યાદીમાં તેનો થાય છે. તે જીવનનો એક અનિવાર્ય તેમજ મહત્વપૂર્ણ હિસ્સો ગણાય છે. આજના યુગના માનવીની જીવનશૈલી પર ડિજિટલ મીડિયાનો ભારે પ્રભાવ હોવાથી તે 'ડિજિટલ પર્સન' કહેવાય છે.

ડિજિટલ મીડિયા આજના સમયનું ખૂબ શક્તિશાળી માધ્યમ છે. જે સમાજની વિચારધારાને ઝડપથી પ્રભાવિત કરવાની તાકાત ધરાવે છે. વ્યક્તિ, જૂથ, સંસ્થા, સમાજ અને સરકાર પર અનેક રીતે મીડિયાનો પ્રભાવ સ્પષ્ટ રીતે અનુભવી શકાય છે. શિક્ષણ, માહિતી, મનોરંજન, પ્રચાર–પ્રસાર, વિચારોનું આદાનપ્રદાન, જન–જાગૃતિ, નીતિ વિષયક નિર્ણયો વગેરે લોકો સુધી પહોંચાડવાની દિશામાં મીડિયાએ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. તે માત્ર મનોરંજન કે માહિતી પૂરી પાડતું સાધન જ નથી, પરંતુ તે સમાજના વિચારો, મૂલ્યો અને વર્તનમાં પરિવર્તન લાવનારું એક શક્તિશાળી માધ્યમ છે.

મીડિયા દ્વારા પ્રસારિત માહિતી સમાજમાં સંતુલન સર્જે છે, ન્યાય મેળવવા માટે જનતાને સશક્ત બનાવે છે. સમાજમાં કોઈપણ નવી વિચારધારા, સર્જનાત્મકતા, શોધ, સામાજિક આંદોલન, સામાજિક–સાંસ્કૃતિક પ્રવાહ પ્રસરી રહ્યો હોય ત્યારે, મીડિયાની ભૂમિકા અગત્યની બને છે. આજે મીડિયા પરોપકારી તથા વિનાશક એમ બન્ને રૂપોમાં સામે આવ્યું છે. એક તરફ તે સમાજને જ્ઞાન, જાગૃતિ અને સંવાદ આપે છે, તો બીજી તરફ તે મૂલ્યોમાં ખોટ ઊભી કરી શકે છે. આથી જ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

મીડિયાની ભૂમિકા અંગે જાગૃતિ ખૂબ જરૂરી છે. ડિજિટલ મિડિયા આજના સમયમાં સમાજમાં મોટા પરિવર્તન લાવવા માટે મહત્વનું યોગદાન આપતું એક મહત્વપૂર્ણ સાધન બની ગયું છે. કેટલાંક મુદ્દાઓના સંદર્ભમાં તેની ભૂમિકા નીચે મુજબ સ્પષ્ટ કરવામાં આવી છે.

- **સામાજિક જાગૃતતા લાવવામાં યોગદાન:**

આજે ડિજિટલ મીડિયાની સહાયથી સમાચાર, વિચારધારા અને જ્ઞાન ક્ષણોમાં વિશ્વભરમાં પહોંચે છે, સામાન્ય જનતાને પોતાનો અભિપ્રાય ખુલ્લેઆમ વ્યક્ત કરવાની તક મળે છે. સામાજિક પ્રશ્નો, પર્યાવરણની સમસ્યાઓ, શિક્ષણ, સ્વાસ્થ્ય જેવા મુદ્દાઓ પર લોકોને જાગૃત કરવામાં તેનું મહત્વપૂર્ણ યોગદાન છે. અનેક સામાજિક આંદોલનો, અભિયાનો જેમ કે સ્વચ્છ ભારત અભિયાન, ડિજિટલ ઈન્ડિયા અભિયાન, બેટી બચાવો  બેટી ભણાવો અભિયાન, પલ્સ પોલિયો અભિયાન, આયુષ્માન ભારત યોજના, ઈન્ડિયા મૂવમેન્ટ, નશા મુક્ત ભારત અભિયાન, સેવ ધ એન્વાયર્નમેન્ટ અભિયાન, સુવિચાર પરિષદ, સુરત સ્માર્ટ સિટી સફાઈ અભિયાન, સેવ ગિર સિંહ અભિયાન, વૃક્ષગંગા અભિયાન, શાળા પ્રવેશોત્સવ, કન્યાદાન સહાય યોજના, સ્ત્રી સુરક્ષા જેવા મુદ્દાઓ મીડિયા દ્વારા ઝડપથી ફેલયા છે. તેમાં જનતા સ્વહિતાર્થે તેમજ સમાજ હિતાર્થે જોડાઈ છે અને વ્યાપક સપોર્ટ મળવાથી આમાં સફળતા મળી છે. આ બધી માહિતી સમાજને નવા વિચારો તરફ દોરી શકી છે.

આ ઉપરાંત સરકારની વિવિધ યોજનાઓ, સામાજિક ન્યાય, ભ્રષ્ટાચાર નાબૂદી, નીતિગત ચર્ચાઓ, આપત્તિ વ્યવસ્થાપનની સૂચનાઓ, ફ્રોડ સ્કેન્ડલની જાણકારી, વ્યવસાય સંબંધી જાણકારી, ચૂંટણીલક્ષી જાગૃતતા, નૈતિક મૂલ્યોને વિકસાવતા પ્રસંગોની માહિતી ડિજિટલ મીડિયાના માધ્યમથી પ્રસારિત થતાં તેના સંદર્ભમાં લોકો પોતાના વિચારો, ફરિયાદો અને અનુભવોને સરળતાથી વ્યક્ત કરે છે, ચોક્કસ પ્રતિચાર આપે છે. જે લોકશાહીને દ્રઢ બનાવે છે.

દિવ્ય ભાષ્કર, ગુજરાત સમાચાર, સંદેશ, ઝી–24 કલાક, આજતક, એબીપી ન્યૂઝ, ઈન્ડિયા ટૂડે, એનડીટીવી  જેવા ઑનલાઈન ન્યૂઝ પોર્ટલ, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં ઈ–પેપર,

સેવા અને માહિતી માટેનું ભારત સરકારનું પોર્ટલ - www.india.gov.in, ગુજરાત સરકારનું પોર્ટલ - www.gujaratindia.gov.in, ડિજિટલ ઈન્ડિયા પોર્ટલ – www.digitalindia.gov.in, UIDAI પોર્ટલ - www.uidai.gov.in, IRCTC - www.irctc.co.in, OJAS Gujarat - ojas.gujarat.gov.in જેવી સરકારી વેબસાઈટ્સ દ્વારા સમાજને માહિતી અને સમાચાર પહોંચાડવાનું કામ ડિજિટલ મીડિયા કરે છે.

➢ **શિક્ષણ ક્ષેત્રે પરીવર્તન લાવવામાં યોગદાન:**

શિક્ષણના ક્ષેત્રે પરિવર્તન લાવવામાં ડિજિટલ મીડિયાનું મહત્વપૂર્ણ યોગદાન છે. તેનો વ્યાપ અને વિસ્તાર કોરોના મહામારી દરમિયાન ખૂબ ઝડપથી વધ્યો, જેના આપણે સૌ સાક્ષી છીએ. તે સમયે શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીઓ લાંબા સમય સુધી બંધ રહી હતી. તે સમયની ગંભીર પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ અભ્યાસથી દૂર ન થઈ જાય અને તેમના જીવનના વર્ષો ન બગડે તે માટે ડિજિટલ મીડિયા સૌથી મોટું સાધન બનીને ઊભર્યું.

આજે ઓનલાઈન શિક્ષણ, ઇ–લર્નિંગ પ્લેટફોર્મ અને ડિજિટલ કન્ટેન્ટ દ્વારા શિક્ષણ વધુ સુલભ બન્યું છે, ગામડાંથી માંડીને શહેર સુધી દરેક જગ્યાએ ઑનલાઈન શિક્ષણ શક્ય બન્યું છે. કોઈ પણ વિદ્યાર્થી ઘેર બેઠા મોબાઈલ કે કમ્પ્યુટર દ્વારા ઉચ્ચ કક્ષાનું શિક્ષણ મેળવી શકે છે. જે સમાજને સામાજિક સમાનતા તરફ દોરી જાય છે. ડિજિટલ મીડિયાએ શિક્ષણને વધુ વ્યાપક, સર્વગ્રાહી અને સરળ બનાવી દીધું છે, શિક્ષણ માત્ર વર્ગખંડ સુધી મર્યાદિત ન રહેતા વિશ્વવ્યાપી બન્યું છે. કોઈ પણ ઉંમરના કે વર્ગના લોકો માટે શીખવાની અને કૌશલ્યમાં વધારો કરવાની તક ઊભી થઈ છે. આ રીતે ઠેર–ઠેર શિક્ષણની પહોંચ વધી છે.

આજકાલ પરંપરાગત પુસ્તક કે શિક્ષક જ શિક્ષણનો એકમાત્ર સ્ત્રોત રહ્યો નથી, પરંતુ શિક્ષણલક્ષી ઢગલાબંધ માહિતી ઈન્ટરનેટ પર અસીમિત રીતે ઉપલબ્ધ છે. ઈ–પાઠ્યપુસ્તકોની સાથે રેફરન્સ માટેની વિવિધ ઈ–બુક્સ, વિડિયો લેકચર્સ, પોડકાસ્ટ, ઑનલાઈન ક્વિઝ વગેરે ઉપલબ્ધ છે.

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

ઝૂમ, ગૂગલ મીટ, વેબેક્ષ જેવી વર્ચ્યુઅલ કક્ષાઓના ઉપયોગ દ્વારા શિક્ષકો અને વિદ્યાર્થીઓ શિક્ષણકાર્યને સાકર કરી શક્યા છે. આજે વિદેશી યુનિવર્સિટીઓના કોર્સ MOOCs - SWAYAM, DIKSHA Portal, BYJU's, Unacademy, Coursera જેવા ઑનલાઈન શિક્ષણના પોર્ટલથી, BYJU's, Unacademy, Toppr, Vedantu જેવી ઑનલાઈન લર્નિંગ એપ્સથી કોઈપણ સમયે અને કોઈપણ સ્થળેથી શિક્ષણ પ્રાપ્ત કરી શકાય છે અને વૈશ્વિક સ્તરના વિષય નિષ્ણાતો સાથે શીખવાની તક મળે છે.

ડિજિટલ મીડિયાથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ ટેકનોલોજી સાથે વધુ પરિચિત બન્યા છે. અધ્યયન–અધ્યાપન કાર્ય માટે વિડિયો, પાવરપોઈન્ટ, ઑનલાઈન ક્વિઝ, ગૂગલ ફોર્મ જેવા આધુનિક સાધનોનો ઉપયોગ શરૂ થયો છે. અભ્યાસ માત્ર સ્થળ આધારિત ન રહેતા સમય અને સ્થળથી મુક્ત બની શક્યો છે. આમ, ડિજિટલ મીડિયાનું મહત્વપૂર્ણ યોગદાન શિક્ષણક્ષેત્રે જોવા મળે છે.

- **આર્થિક પરીવર્તનમાં યોગદાન:**

ડિજિટલ મીડિયાના કારણે રોજગારીની નવી તકો સર્જાય છે. તેથી લોકોના જીવનસ્તરમાં સુધારો થયો છે. લોકો પોતાની આવડતના આધારે આવક ઊભી કરવામાં સક્ષમ બન્યા છે. જેમાં યુટ્યુબ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, ટિકટોક જેવા પ્લેટફોર્મ્સનો મોટો ફાળો છે. જેમ કે કોઈ વ્યક્તિ યુટ્યુબ પર વિડિઓ બનાવી પ્રસારિત કરે અને તેના ફોલોવર્સના લાઈક, એડ્સ અને સબ્સ્ક્રાઇબર વધતાં જાય તો તે આવક મેળવી શકે છે.

ડિજિટલ માર્કેટિંગ, સોશિયલ મીડિયા મેનેજમેન્ટ, ગ્રાફિક ડિઝાઈનિંગ, વીડિયો એડિટિંગ જેવા ક્ષેત્રોમાં નોકરીઓનું પ્રમાણ વધ્યું છે. લોકો હવે એમેઝોન, ફ્લિપકાર્ટ, મ્યંતરા, સ્નેપડીલ, જીઓ માર્ટ જેવા ઈ–કોમર્સ પ્લેટફોર્મનો ઉપયોગ કરી ઘરે બેઠાં મોબાઈલ એપ કે વેબસાઈટ પર વસ્તુઓની ખરીદી અને વેચાણ કરે છે. જેનાથી ઈ–કોમર્સ અને ઑનલાઈન બિઝનેસ વિકસ્યા છે. હવે કામ ફક્ત ઓફિસમાં જ નથી મળતું. મોબાઈલ એપ દ્વારા પણ પાર્ટ–ટાઈમ નોકરીઓ મળી

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

શકે છે. ઓલા, ઉબર, ઝોમેટો, સ્વિગી જેવા એપ્સથી લોકો પાર્ટ–ટાઈમ નોકરી કરી ખિસ્સાખર્ચ મેળવી શકે છે. જેનાથી ગીગ ઇકોનોમીનો ઉદય થયો છે.

ડિજિટલ મીડીયાથી જાહેરાતના પ્રસારણમાં ફેરફાર થયો છે. પહેલા જાહેરાતના પ્રસારણમાં માટે ટીવી, રેડિયો, ન્યૂઝ પેપર જ મહદ્અંશે ઉપયોગમાં લેવાતા હતા. હવેના સમયમાં ગૂગલ જાહેરાત, યુટ્યુબ જાહેરાત, ફેસબુક જાહેરાત, લીંક્ડિન જાહેરાત જેવી ઑનલાઈન જાહેરાતોનું પ્રસારણ અને માર્કેટિંગ વધુ અસરકારક રીતે થાય છે. તેનો જાહેરાત ખર્ચ પણ ઓછો હોય છે અને સીધા લક્ષિત ગ્રાહક સુધી પહોંચવાની સગવડ મળે છે. દા.ત. ઈન્સ્ટાગ્રામ પર કોઈ ઈન્ફ્લુએન્સર મોબાઈલનું નવું વર્ઝન બતાવે, તો યુવાનો તે ખરીદવા પ્રેરાય છે.

ડિજિટલ મીડિયા દ્વારા વેચાણની વૈશ્વિક સ્તરની સંકલ્પના ઊભી થઈ છે. વ્યક્તિ પોતાનું ઉત્પાદન આખા વિશ્વમાં વેચી શકે છે. સ્થાનિક ઉત્પાદન આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચી શક્યું છે. વિવિધ કલા–કારીગરી, હસ્તકલા, કૃષિ ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં ઓનલાઈન આયાત–નિકાસ શક્ય બન્યું છે. ફાઈનાન્સ અને પેમેન્ટ સિસ્ટમમાં પણ મોટું પરિવર્તન આવ્યું છે. હવે વસ્તુની ખરીદી માટે નાણાં પાકિટમાં રાખવાની જરૂર નથી કારણ કે યુપીઆઈ, પે–ટીએમ, ગૂગલ–પે, ફોન–પે, મોબિક્વીક જેવા ડિજિટલ પેમેન્ટ એપ્સનો ઉપયોગ કરી કેશલેસ પેમેન્ટ થઈ શકે છે. નાના વેપારીઓ પણ ડિજિટલ પેમેન્ટ દ્વારા સરળતાથી વ્યવસાય કરતાં થયા છે. ભારતીય અર્થતંત્ર આધુનિક, ઝડપી અને વૈશ્વિક બન્યું છે.

- **જીવનશૈલીમાં અને સાંસ્કૃતિક પરિવર્તનમાં યોગદાન :**

ડિજિટલ મિડિયા લોકોના વિચારો, જીવનશૈલી અને સંસ્કૃતિમાં બદલાવ લાવી રહ્યું છે, તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સંબંધોને મજબૂત પણ બનાવી રહ્યું છે. આજે મીડિયાના માધ્યમથી સમગ્ર વિશ્વની સંસ્કૃતિ અને સભ્યતાના પરિચયમાં આવવાનું શક્ય બન્યું છે. ડિજિટલ મીડિયાએ લોકોની જીવનશૈલી, ભાષા, વેશભૂષા અને ખાવાપીવાની આદતો પર પણ પ્રભાવ પાડ્યો છે. એક તરફ સ્થાનિક પરંપરાઓને વૈશ્વિક સ્તરે ઓળખ મળી છે, તો બીજી તરફ પશ્ચિમી સંસ્કૃતિનું

આકર્ષણ પણ વધી ગયું છે. આ રીતે સંસ્કૃતિઓ વચ્ચેનું આદાનપ્રદાન વધ્યું છે.

લોકોના પહેરવેશ તેમજ ફેશન પર મીડિયામાં પ્રચલિત સેલિબ્રિટીઝના પ્રભાવની અસર જોવા મળે છે. ખાસ કરીને લોકો પસંદીત કિરદાર જેવા કપડાં પહેરે છે, એમની જેમ તૈયાર થાય છે, નવા ફેશન ટ્રેન્ડ્સ મુજબ ખરીદી કરે છે. બ્રાન્ડેડ અને પશ્ચિમી સ્ટાઇલ પ્રત્યે લોકોનું આકર્ષણ વધતું જોવા મળે છે તેઓ સ્ટાઇલિશ અને ટ્રેન્ડી દેખાવાના પ્રયત્નો કરે છે. વૈશ્વિક ફેશન ટ્રેન્ડ્સ ડિજિટલ મીડિયા દ્વારા ઝડપથી લોકો સુધી પહોંચે છે. તેથી રીલ્સ બનાવવા, બ્લોગ બનાવવા, સેલ્ફી લેવી આ બધું લોકોની આદત બનીને રોજિંદા જીવનનો ભાગ બની ગઈ છે.

યૂટ્યુબ, ઈન્સ્ટાગ્રામ પર ફૂડ બ્લોગર્સની વિવિધ રેસિપીઝ અને રીલ્સના વિડિઓ જોઈને લોકો નવા–નવા રેસ્ટોરંટ અને ફૂડ–આઇટમ્સ અજમાવવાનો પ્રયત્ન કરે છે. લોકોની ખાણીપીણીમાં પીઝા, બર્ગર, મોકટેલ જેવા પશ્ચિમ દેશોના ખોરાક એક ટ્રેન્ડ બની રહ્યાં છે. જંક ફૂડની ટેવ 'કૂલ અને ટ્રેન્ડી' કહેવાતી હોવાથી સામાન્ય થઈ ગઈ છે. હવેની પેઢી પરંપરાગત ખોરાક સાથે–સાથે આંતરરાષ્ટ્રીય ખોરાકનો સ્વીકાર ઝડપથી કરી રહી છે.

આજના સમયમાં શોર્ટકટવાળી ગ્રામર વગરની અંગ્રેજી ભાષાનો ઉપયોગ વધી રહ્યો છે. બ્રધર ને બ્રો, મધરને મોમ, LOL,OMG, BTW જેવી શોર્ટફોર્મ્સ સામાન્ય વાતચીતમાં પ્રવેશી ગયા છે. લોકોના દૈનિક બોલચાલમાં બાય, લાઈક, ઓકે, સેલ્ફી વગેરે જેવા શબ્દો પ્રચલિત બન્યા છે. ડિજિટલ મીડિયા પર ચેટિંગ, મીમ્સ, ઈમોજી વડે નવી ભાષાશૈલી વિકસી છે. ઝડપી અને સરળ સંવાદ માટે લોકો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીનો ઉપયોગ કરી મિશ્ર ભાષા અપનાવી રહ્યા છે. જેના કારણે માતૃભાષાનો વપરાશ ઘટતો જાય છે. આ રીતે ભાષા અને અભિવ્યક્તિમાં પરિવર્તન થયું છે.

પરંપરાગત તહેવારોની ઉજવણીમાં પણ આધુનિકતા વ્યાપી છે. લોકો લાઈવ ફોટા અને વિડિઓને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વગેરે પર મૂકી આનંદ માણે છે. ફોટા અને વિડિયો શેર કરવાનો એક ટ્રેન્ડ ઊભો થયો છે. ઑનલાઇન લાઈવ દર્શન, ઑનલાઇન કાર્યક્રમોની વર્ચ્યુઅલ ઉજવણી વધી છે. આ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

રીતે પરંપરા અને ટેક્નોલોજીનું સંમિશ્રણ સર્જાયેલ જોવા મળે છે.

આજકાલ રીમિક્સ, રેપ અને પોપ સંગીત વધારે લોકપ્રિય બન્યાં છે. ટીકટોક કે રીલ્સ પરના ટ્રેન્ડિંગ ગીતોનો પ્રભાવ વધ્યો છે. લોકોની સાંસ્કૃતિક અભિરુચિ બદલાયેલી જોવા મળે છે. OTT પ્લેટફોર્મ્સ પરથી વિશ્વભરના સંગીત, ફિલ્મો, વેબસિરીઝને લોકો જુએ છે. તેની અસર હેઠળ પશ્ચિમ દેશોની ફિલ્મો, વેબ સિરીઝ લોકોની મુખ્ય પસંદગી બની છે. તેમના જેવી લાઇફસ્ટાઇલ લોકો અપનાવી રહ્યા છે. સ્થાનિક લોકગીતો, લોકકલા, નૃત્ય, હસ્તકલા પણ સોશિયલ મીડિયા પર અપલોડ થવાથી વિશ્વભરમાં પહોંચે છે. આમ, દરેક સંસ્કૃતિનું વૈશ્વિક સ્તરે પ્રદર્શન શક્ય બન્યું છે.

લોકો રાત્રે મોડે સુધી ચેટીંગમાં વ્યસ્ત રહે છે. પરિવાર સાથે ઓછો અને મોબાઇલમાં વધુ સમય લોકો ફાળવે છે. ડિજિટલ મીડિયાથી લોકો દૂર હોવા છતાં સંપર્કમાં રહે છે. ઑનલાઈન ફ્રેન્ડશિપ અને કમ્યુનિટીઝ વધી છે. ગામના ચોરા પરની પરંપરાગત મંડળીના બદલે વર્ચ્યુઅલ સમુદાય વિકસ્યા છે.

આમ, ડિજિટલ મીડિયા આપણાં ભાષા, પહેરવેશ, ખોરાક, તહેવાર, સંગીત અને જીવનશૈલીમાં મોટો સાંસ્કૃતિક બદલાવ લાવી રહ્યું છે. તે એક "સાંસ્કૃતિક પુલ"નું કામ કરે છે, જેનાથી એક તરફ નવતર અને વૈશ્વિક સંસ્કૃતિ આપણાં જીવનમાં આવે છે, તો બીજી તરફ પરંપરાગત સંસ્કૃતિને જાળવી રાખવા અને ફેલાવવા પણ મદદ મળે છે.

- **મનોરંજન અને આનંદ પ્રાપ્તિમાં યોગદાન:**

ડિજિટલ મીડિયાના વિકાસે મનોરંજન અને આનંદ માટે દુનિયાને નવી દિશા આપી છે. આજે મનોરંજન ઝડપી, સરળ, સસ્તું, વ્યક્તિગત અને વૈશ્વિક બન્યું છે. અગાઉ લોકો મનોરંજન માટે ટેલિવિઝન, નાટક, રેડિયો, સિનેમા પર આધાર રાખતા હતા. પરંતુ હવે મોબાઇલ, સ્માર્ટ ફોન, સ્માર્ટ ટીવી, ટેબ્લેટ અને કમ્પ્યુટરની મદદથી ડિજિટલ માધ્યમ પર મનોરંજન તરત જ ઉપલબ્ધ થાય છે. નેટફ્લિક્સ, અમેઝોન પ્રાઇમ વિડીયો, ડિઝની હોટસ્ટાર, જીઓસિનેમા જેવા OTT

પ્લેટફોર્મ્સ દ્વારા પ્રસારિત થતી ફિલ્મો અને વેબસિરીઝને લોકો વધુ પસંદ કરે છે. દરેક વ્યક્તિ પોતાની પસંદગીના સમયે ફિલ્મો કે વેબસિરીઝ જોઈ શકે છે. દુનિયાભરની મનોરંજક માહિતીથી આનંદ માણી શકાય છે. તેથી મનોરંજન વધુ વૈશ્વિક બની ગયું છે.

યુટ્યુબ, સ્પોટીફી, ગાના, જીઓસાવન જેવી એપ્લિકેશન્સમાં લાખો ગીતો નહિવત્ત કે ખૂબ ઓછા ખર્ચે ઉપલબ્ધ છે. જેમાં લોકો મન ગમતું સંગીત સાંભળી આનંદ મેળવી શકે છે તેમજ નાના–મોટા કલાકારો પોતાનું સંગીત સરળતાથી વિશ્વભરમાં પહોંચાડી પણ શકે છે.

ઓનલાઈન ગેમ્સ ઝોન આજે દરેક ઉંમરના લોકોને આકર્ષિત કરે છે. પબજી, ફ્રી ફાયર મેક્સ, ક્લેસ ઓફ ક્લેન, લૂડો કિંગ, મીનેક્રાફ્ટ, કેન્ડી ક્રશ જેવી ઓનલાઈન ગેમ સમાજમાં લોકો માટે મનોરંજન અને આનંદ–ઉત્સાહનું મુખ્ય સાધન બની ગયું છે. ઓનલાઈન ગેમ્સે કરોડો લોકોને જોડ્યા છે. ઈ–સ્પોર્ટ્સે ગેમિંગને માત્ર મનોરંજન પૂરતું ન રાખી, તેને વ્યવસાય અને કારકિર્દીનું માધ્યમ બનાવ્યું છે.

ફેસબુક, ઈનસ્ટાગ્રામ, ટ્વીટર, યુટ્યુબ, લિંકેડીન જેવા સોશિયલ મીડિયાની સાઇટ્સ મનોરંજનનો નવો સ્ત્રોત છે. ઈન્સ્ટાગ્રામ રીલ્સ, યુટ્યુબ, શોર્ટ મુવીઝ, કોમેડી વીડિયોઝ અને ડાન્સ ચેલેન્જ વગેરે દ્વારા લોકો મનોરંજન મેળવી રહ્યા છે અને પોતાનું ટેલેન્ટ વૈશ્વિક સ્તરે પહોંચાડી રહ્યા છે. ડિજિટલ પ્લેટફોર્મ પર લાઈવ રમતો જેવી કે ક્રિકેટ, ફૂટબોલ, ઓલિમ્પિક્સ જોઈ લોકો આનંદ માણે છે. મ્યુઝિકના લાઈવ કન્સર્ટ, કોમેડી–શો અને વર્ચ્યુઅલ વેબિનાર્સે મનોરંજનના ક્ષેત્રને વધુ વ્યાપક અને સમૃદ્ધ બનાવ્યું છે. ક્વિઝ એપ્સ, ઈ–બુક્સ, શૈક્ષણિક વીડિયો અને ડોક્યુમેન્ટરીઝ દ્વારા લોકો મજા માણતા–માણતા શીખી શકે છે. આ રીતે ડિજિટલ મીડિયા માત્ર મનોરંજન પૂરતું ન રહેતા જ્ઞાન, સર્જનાત્મકતા અને આનંદનું અવિભાજ્ય સાધન બની ગયું છે.

- **વોચડોગ તરીકે મીડિયાનું યોગદાન :**

સમાજમાં પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા અને ડિજિટલ મીડિયા માત્ર માહિતી પહોંચાડવાનું સાધન નથી, પરંતુ તે લોકશાહીનો ચોથો સ્તંભ પણ ગણાય છે. તે “વોચડોગ” તરીકે પણ કાર્ય

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

કરે છે અર્થાત તે સત્તા, શાસન, નીતિઓ અને સમાજના તમામ ક્ષેત્ર પર નજર રાખી જનહિતની રક્ષા કરે છે. તે જનતા સુધી સાચી અને વાસ્તવિક માહિતી સાથે સત્ય પહોંચાડે છે. સમાજના પછાત કે નબળા વર્ગના હકો સામે ન્યાય અપાવવામાં મદદરૂપ બને છે. અનેક કુરિતીઓનું ખંડન કરવા માટે જનજાગૃતિ ફેલાવે છે. તે સમાજને ઉચિત દિશામાં પ્રેરણા આપે છે. તે લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવે છે. આ રીતે મીડિયા વોચડોગ તરીકે સમાજમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

- **ડિજિટલ મીડિયાના પ્રભાવની નકારાત્મ અસર :**

સુપર ટેક્નોલૉજીના યુગમાં ડિજિટલ મીડિયા સમાજને પ્રગતિશીલ દિશા તરફ લઈ જનાર સકારાત્મક પ્રેરક બને છે પરંતુ તેના પ્રભાવે લોકોમાં નકારાત્મ અસર પણ જન્માવી છે એમાં કોઈ સંદેહ નથી. મીડિયાના વ્યાપક પ્રભાવથી લોકોમાં લોભ, ભય, દ્વેષ, સ્પર્ધા, અનિચ્છા, ખોટા ષડયંત્ર જેવા દૂષણોનો જન્મ થયો છે. લોકો પોતાના નીજી સ્વાર્થ માટે ચરમ સીમાને પાર કરતાં જોવા મળે છે. જેમ કે નીજી સ્વાર્થ માટે ખોટી માહિતી તેમજ ખોટા સમાચારને મસાલેદાર કે વિકૃત બનાવવા, લડાઈ–ઝગડાના અંગેના ભડકાવતા સમાચારો શેર કરવા, ઘટિત ઘટનાઓ અને નિવેદનોના બેવડા અર્થ આપી રજૂ કરવા, બિનજરૂરી ખુશામત કરવી, બીજાની ટીકા કરવી, સંવેદનશીલ મુદ્દાઓને અતિશયોક્તિ આપવી, બ્લેકમેલ કરી વ્યક્તિગત કે સામૂહિક શોષણ કરવું વગેરે જેવી દૂષણયુક્ત અયોગ્ય પ્રવૃતિઓ ડિજિટલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને પ્રસારિત થઈ રહી છે. જેના કારણે સમાજમાં અરાજકતા અને અસંતુલનની સ્થિતિ સર્જાય છે. આ રીતે સમાજના લોકો એ જ મીડિયાની ભૂમિકાને કલંકિત કરી છે.

મીડિયા થકી આજની પેઢી આધુનિક બની છે, નવી તકનીકો અને માહિતી સાથે જોડાઈ છે, પરંતુ સાથે–સાથે પરંપરાગત જીવનશૈલી, સ્વસ્થ સંબંધી આદતો અને ભાષા પર પડકાર પણ ઉભો થયો છે.

મીડિયાના પ્રભાવથી પ્રાદેશિક પરંપરા અને વૈશ્વિક સંસ્કૃતિ વચ્ચે સંકલન થતું જાય છે. બીજી બાજુ લોકો પશ્ચિમી સંસ્કૃતિના ખોટા અનુકરણમાં પડે છે. બિનજરૂરી ફેશન, અયોગ્ય ખાણીપીણી,

અશ્લીલતા, અસભ્યતા, ચોરી, ગુંડાગીરી, હાનિકારક વ્યસનની કુટેવ જેવી અસામાજિક પ્રવૃતિઓમાં જોડાઈ અધોગતિના પગલાં પર ચાલે છે. જેનાથી અશિષ્ટ તત્વો તેમજ અપરાધશીલ ઘટનાઓ વધે છે. તેમની નૈતિકતા અને સભ્યતામાં સતત ઘટાડો જોવા મળે છે. અતિશય વેપારીકરણ, અફવાઓનો પ્રસાર, અતિશય મનોરંજન આધારિત સામગ્રી, ખોટી માહિતી કે ભેદભાવજનક સમાચાર સમાજમાં અસંતુલન પેદા કરી શકે છે. ક્યારેક મીડિયા લોકમતને ગેરદિશામાં દોરી જાય છે અને અસત્યને પણ સત્ય સમાન પ્રસ્તુત કરે છે. આમ, સમાજ પર તેની નકારાત્મક અસર પણ જોવા મળે છે.

- **સમાપન:**

દરેક સિક્કાના બે બાજુ હોય છે ડિજિટલ મિડિયાની એક બાજુ સકારાત્મક ભૂમિકા ભજવે છે તો બીજી બાજુ નકારાત્મક ભૂમિકા પણ ભજવે છે. જેને આપણે અવગણી શકીએ નહી. ડિજિટલ મીડિયા સામાજિક પરિવર્તન માટે એક દ્વિધારી તલવાર છે. એક તરફ તે સમાજને વધુ જાગૃત, પ્રગતિશીલ, સમાનતાવાદી અને આર્થિક વિકાસ અને લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવે છે, તો બીજી તરફ ડિજિટલ મીડિયા દ્વારા પ્રસારિત થતી ખોટી માહિતી, ગોપનીયતાનો ભંગ, સાયબર ગુનાઓ, નકારાત્મક પ્રચાર અને ટ્રોલિંગ જેવી સમસ્યાઓ સમાજમાં ગુંચવણ, ભ્રમ, વિભાજન, વિખવાદ, અસંતુલન, આસરિતપણું અને ભય પેદા કરે છે.

મીડિયાની બહુપરીમાણીય ભૂમિકાને જોતા એમ કહી શકાય કે આજે મીડિયા વિનાશક અને પરોપકારી બંને ભૂમિકામાં ઉભરી આવ્યું છે. ભવિષ્યમાં મીડિયા ભસ્માસુર બની સમાજને ભરખી ન જાય તે માટે સૌ મીડિયાનો યોગ્ય ઉપયોગ કરે, મીડિયા સાક્ષરતા કેળવે અને જવાબદારીપૂર્વકનું વલણ અપનાવે તો તે સામાજિક પરિવર્તનમાં સકારાત્મક શક્તિ બની શકે છે. અંતે, ડિજિટલ મીડિયા સામાજિક પરિવર્તન માટે એક શક્તિશાળી સાધન છે, પરંતુ તેનો જવાબદારીપૂર્વક અને સમજદારીથી ઉપયોગ કરવો એ આજની પેઢીનું મહત્વનું કર્તવ્ય છે.

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

- **સંદર્ભ સૂચિ :**

દવે, પ. એ. (2007-08). *આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન.* અમદાવાદ : અનડા બુક ડીપો 'ગ્રંથ સેતુ' 1756 ગાંધી માર્ગ અમદાવાદ.

Shinh, V. (2020, 08 07). सोशल मीडिया का इतिहास. Retrieved from theindianwire: https://hindi.theindianwire.com/%e0%a4%b8%e0%a5%8b%e0%a4%b6%e0%a4%b2-%e0%a4%ae%e0%a5%80%e0%a4%a1%e0%a4%bf%e0%a4%af%e0%a4%be-%e0%a4%87%e0%a4%a4%e0%a4%bf%e0%a4%b9%e0%a4%be%e0%a4%b8-233228/

Shinh, V. (2020, 08 07). सोशल मीडिया का समाज पर प्रभाव. Retrieved from theindianwire: https://hindi.theindianwire.com/%E0%A4%B8%E0%A5%8B%E0%A4%B6%E0%A4%B2-%E0%A4%AE%E0%A5%80%E0%A4%A1%E0%A4%BF%E0%A4%AF%E0%A4%BE-%E0%A4%B8%E0%A4%AE%E0%A4%BE%E0%A4%9C-233217/

S, A. (n.d.). भारत में सामाजिक परिवर्तन पर निबंध |. Retrieved from Hindi Library India: https://www.hindilibraryindia.com/essay/%e0%a4%ad%e0%a4%be%e0%a4%b0%e0%a4%a4-%e0%a4%ae%e0%a5%87%e0%a4%82-%e0%a4%b8%e0%a4%be%e0%a4%ae%e0%a4%be%e0%a4%9c%e0%a4%bf%e0%a4%95-%e0%a4%aa%e0%a4%b0%e0%a4%bf%e0%a4%b5%e0%a4%b0%e0%a5%8d%e0%a4%a4/21309

Chorasiya, S. (2022, 11 05). सामाजिक परिवर्तन का अर्थ, परिभाषा एवं बाधक तत्व . Retrieved from Samar education: https://www.samareducation.com/2021/05/education-and-social-change.html